## જન્મદિને વધામણી



ચિરાગ પી વ્યાસ
મો. ૯૮૨૫૫ ૫૭૯૬૭



પરિમલ પટેલ
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
(૭ સપ્ટે.) મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮



શૈલેષ એ કાપડિયા
મો. ૯૬૩૮૭ ૪૫૯૬૯



જીનલ ચૌહાણ
વિદ્યાર્થી, પત્રકારત્વ



હિમાની મહેન્દ્રસિંહ દેવડા
મો. ૯૯૦૯૧ ૫૯૦૦૫



રિશી રાજકુમાર આનંદ
મો. ૯૭૨૩૦ ૨૩૨૯૬



વિવાન ભરતકુમાર પ્રજાપતિ



કેશવલાલ કે. રાઠોડ
મો. ૯૯૨૪૩ ૦૨૦૮૩

### સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા, ગાંધીનગર દ્વારા

# સરસ્વતી સન્માન અને બાળચિત્ર સ્પર્ધા યોજાઈ

### સમાજના સફળ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૬

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા, ગાંધીનગર દ્વારા રવિવારે ખિમજી વિસરામ હોલ, કડી પરિસર ખાતે સમાજના બાળકોને પ્રોત્સાહિત કરવા ભવ્ય સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રમુખ જીલુભા ધાધલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે કાર્યક્રમના આરંભે બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ અને વર્ષ દરમ્યાન સમાજના મૃત્યુ પામેલ સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. બપોરે ૧થી ૩ વાગ્યા સુધી બાળચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. ૧થી ૬નાં ૪૩ બાળકો, ધોરણ-૭થી ૧૦નાં ૩૯ બાળકોએ ભાગ લીધો હતો. પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાને ઉત્તીર્ણ થનારાં બાળકો ઉપરાંત અન્ય બાળકોને પણ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

ધોરણ-૧થી ૧૨ અને ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ તથા અન્ય ફેકલ્ટીના તેજસ્વી તારલાઓને પણ આ પ્રસંગે ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ૬૦ટકા કે તેથી વધુ માર્ક્સ મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થીને નવાજવામાં આવ્યા હતા. કુલ ૧૯૭ વિદ્યાર્થીઓને સમારોહ અંતર્ગત ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે કડી કૅમ્પસના ડૉ. હિનાબેન પટેલ તથા સંગઠનના મોભીઓ ડૉ. વઘાસિયા, કુંવરજીભાઈ પટેલ, ડૉ. ગગલાણી, કેતનભાઈ ધોળુ, મગનભાઈ કાકડીયા, ઍમ ઍમ સોલંકી, મહેન્દ્રભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિ ઍવૉર્ડ વિજેતા નિવૃત્ત ડ્રોઈંગ શિક્ષક જી કે ત્રિવેદી અને લક્ષ્મણ કંસારાએ ચિત્ર સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ભૂમિકા અદા કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ભૂપેન્દ્ર ગજ્જર, જયંતિ વઘાસિયા, ચેતન ભટ્ટ, હરીશ પાલા, અશોક પરમાર, નરેન્દ્ર મંડીર, રમેશ સતાપરા, મુકેશ કાલાવાડીયા, રમેશ પાઠક, કશ્યપ નિમાવત અને નિલેન્દુ વોરાએ જહેમત ઊઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રી ખેતીયાએ કર્યું હતું.

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના વિદ્યાર્થીઓ, પ્રિન્સિપાલ સન્માનાયા

### ઍસપીસી સ્ટુડન્ટ પોલીસ કૅડેટ્સ તથા આચાર્ય યુવરાજસિંહ વાઘેલાને વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર આઝાદી ચળવળના સ્વતંત્રતા સેનાની અને સ્વતંત્ર ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તથા જીવનપર્યંત શિક્ષક રહેનાર ડૉ. સર્વપલ્લી રધાકૃષ્ણનના ૧૨૯મા જન્મદિવસ પ્રસંગે ગુજરાત વિધાનસભામાં આયોજિત પુષ્પાંજલિ અર્પવા અને સન્માન કાર્યક્રમ સોમવારે યોજાયો હતો.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા વિદ્યાર્થીકાળમાં જ શાળાનાં બાળકોમાં સ્વયંશિસ્ત અને રાષ્ટ્રપ્રેમ જાગૃત થાય તે આશયથી જૂન, ૨૦૧૪માં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ઍસપીસી સ્ટુડન્ટ પોલીસ કૅડેટ્સનું ગઠન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન આઉટડોર અને ટ્રેઈનિંગ મેન્યુઅલ ફોર સ્ટુડન્ટ પોલીસ કૅડેટ જેવા ઈન્ડોર અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓને સજ્જ કર્યા. આઉટડોર તાલીમ દ્વારા પરેડ, માર્ચ પાસ્ટ, રાયફલ શૂટીંગ અને ટ્રાફિક નિયમન જેવી પ્રવૃત્તિઓ વર્ષ દરમ્યાન કરાવી વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કર્યા હતા.

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ઍસપીસી સ્ટુડન્ટ પોલીસ કૅડેટ્સે તાલીમ મેળવ્યા બાદ સમગ્ર વર્ષ દરમ્યાન સુંદર પ્રવૃત્તિઓ કરી હતી. વર્ષ દરમ્યાન ટ્રાફિક નિયમનમાં પોલીસની સહાય કરી, વિવિધ શાળાઓમાં ટ્રાફિક જાગૃતિ માટે વ્યાખ્યાનોનું આયોજન કર્યું, પ્રાથમિક સારવારની જાણકારી જેવી કાર્યશિબિરો પણ યોજી હતી.

શિક્ષક દિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભામાં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ઍસપીસી સ્ટુડન્ટ પોલીસ કૅડેટ્સ તથા આચાર્ય યુવરાજસિંહ વાઘેલાને વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ રમણભાઈ વૉરા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા.

# વિનસ ઈન્સ્ટીટ્યુટ દ્વારા 'ફિઝિકલ થૅરપી ડે' ઉજવાયો




વિનસ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિઝિયોથેરપી કૉલેજ, ગાંધીનગર દ્વારા 'ઍડ લાઈફ ટુ યર્સ' (વર્ષોમાં જિંદગી ઉમેરો) થીમ પર જાગૃતિ રેલી તથા કૅમ્પ અને સિનિયર ફિટનેસ ટેસ્ટનું આયોજન વર્લ્ડ ફિઝિકલ થૅરપી ડે નિમિત્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા ફૅકલ્ટીઝ દ્વારા કૉલેજની આસપાસનાં ૧૫ જેટલાં ગામોમાં પેમ્ફલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. રેલી તથા કૅમ્પનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ વિસ્તારના લોકોને આરોગ્ય અંગેની જાણકારી આપવાનો હતો. કૉલેજના ફિઝિયોથેરપી વિભાગના ડૉ. અંકિતા પટેલે જણાવ્યું હતું કે આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ એવો છે કે આજુબાજુનાં ગામોમાં ખેતી કરતા લોકોમાં આરોગ્યની તકલીફો અને સાંધાના દુખાવાની ફરિયાદ વધુ જોવા મળે છે, તેઓ કૉલેજ તથા હૉસ્પિટલમાં આવીને નિઃશુલ્ક સારવારનો લાભ લઈ શકે. દર્દીઓની ઘરેથી વિનસ કૉલેજની હૉસ્ટિપલમાં લઈ જવા તથા લાવવા માટે નિઃશુલ્ક બસ સેવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.



સ્માર્ટ કિડ્સ પ્લે ગૃપ દ્વારા ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૨ જેટલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ દ્વારા ગણપતિની આકર્ષક પ્રતિમાઓ બનાવીને સઘળી પ્રતિમાઓની સ્થાપના પ્લે ગૃપના પરિસરમાં કરી છે, જેનાથી પ્લે ગૃપનું વાતાવરણ આધ્યાત્મિક ભાસે છે.



શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને આયુર્વેદિક કૉલેજ, કોલવડાના સંયુક્ત ઉપક્રમે મૅડિકલ ચૅક-અપ કૅમ્પ અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આર્ટ્સ અને કૉમર્સ પ્રવાહની ૧ હજાર જેટલી વિદ્યાર્થીનીઓએ આ શિબિરનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ ઍનઍસઍસ, ઍનસીસી અને સીડબલ્યુડીસી વિભાગ ઉપરાંત મેહુલભાઈ શાસ્ત્રીના સહયોગથી કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

હજ અને ગંગાસ્નાન તો ગરીબો માટે છે.

અમીરોના પાપ તો હાઈ કૉર્ટ, સુપ્રિમ કૉર્ટ જ ધોઈ નાંખે છે !

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અકિરા
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અકિરા
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
સનશાઈન મ્યુઝિક ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સ
૧૨.૩૦, ૭.૦૦
હૅપ્પી ભાગ જાયેગી
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
અકિરા
સવારે ૧૦.૦૦
યહ તો ટુ મચ હો ગયા
૧૨.૪૫, ૬.૪૫
રૂસ્તમ
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૬**
અકિરા
સાંજે ૬.૩૦
યહ તો ટુ મચ હો ગયા
સવારે ૧૦.૦૦
રૂસ્તમ
૩.૪૫

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે નર્સિંગ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર, તા.૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રશિક્ષણ વિભાગ અંતર્ગત મણિકાકા ટોપાવાળા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, ચાંગાના એમ. એમ. સી. (પીડિયાટ્રીક નર્સિંગ)ની ચાર વિદ્યાર્થીનીઓ અને ફેકલ્ટી મેમ્બર સાથે 'તંદુરસ્ત સંતાન પ્રાપ્તિ માટે સગર્ભાનુ અધ્યાત્મ કેન્દ્રી પરામર્શન' વિષય પર પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણ દરમિયાન ગર્ભસંસ્કાર એક આધ્યાત્મિક વિજ્ઞાન, વિધેયાત્મક વિચારો, આરોગ્ય સુધા, ગર્ભાવસ્થા અને માનસિક સ્વાસ્થ્ય, માતૃપિતૃત્વ-એક આધ્યાત્મિક જવાબદારી, સર્જનશીલતાનો વિકાસ, સદવાંચનનો પ્રભાવ, તાર્કિક વિચારણા, પરામર્શન કુશળતા, પોષણયુકત આહાર, ધ્યાન-યોગ-પ્રાણાયામનું મહત્વ જેવા વિષયો પર યુનિ. દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# તમે પહેલાં તો આવા ન હતા !

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

આઠ-દસ મિત્ર દંપતિઓ એક પ્રસંગે મળ્યા હતા. સૌ ખુશહાલ માહોલમાં એકબીજાની મજાક કરતાં હતા. લગભગ દોઢ-બે કલાક આ સૌ મિત્ર દંપતીઓએ સ્નેહમિલનની મજા માણી. આ સમય દરમ્યાન એક મિત્રની પત્નીએ તેના પતિને વારંવાર એક વાક્ય સંભળાવીને ટકોર કરી. આ વાક્ય હતું " તમે પહેલા તો આવા ન હતા " મિત્રના પત્નીની આ ટકોરને કેટલીકવાર અન્ય મિત્રોએ પણ સમર્થન આપીને ટેકો આપ્યો. પેલા મિત્રએ પણ પત્નિને પ્રત્યુતર આપતા બે-ત્રણવાર કહ્યું કે " તમે પણ પહેલા આવા ન હતા". આ દંપતીના લગ્નને લગભગ વિસેક વર્ષ વિતી ચૂક્યા હશે.

'તમે પહેલા આવા ન હતા', 'તમે તો હવે બિલકુલ બદલાઈ ગયા છો', 'તમે આવા ક્યારથી થઈ ગયા ?', 'તમારામાં તો બહુ પરિવર્તન આવી ગયું છે', 'તમને હવે પહેલા જેવી લાગણી કે પ્રેમ નથી રહ્યા', 'તમે સંબંધો કેમ સાચવવા એ ભૂલી ગયા છો', તમે હવે નિષ્ઠુર થઈ ગયા છો'... આ પ્રકારના વાક્યો આપણે ઘણીવાર કેટલીય વ્યક્તિઓના મુખેથી સાંભળીએ છીએ. આ પ્રકારના શબ્દો પતિ પત્નિને કહે છે, પત્નિ પતિ ને કહે છે, મિત્ર મિત્રને કહે છે, બોસ કર્મચારીને કહે છે, કર્મચારી બોસને કહે છે, પ્રેમી પ્રેમિકાને ને પ્રેમિકા પ્રેમીને કહે છે. કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ દ્વારા કંઈ કેટલીયેવાર આ પ્રકારના શબ્દો એકબીજાને કહેવાય છે તેના આપણે સૌ સાક્ષી છીએ.

'તમે પહેલા આવા ન હતા' કહેવાના સંદર્ભમાં જરૂરી નથી કે તે લોકોના સંબંધોનો સમયગાળો પાંચ-પચીસ વર્ષનો જ હોય. ચાર છ મહીના કે વીસ-પચીસ વર્ષનાં સંબંધોના સંદર્ભમાં પણ આ પ્રકારનાં શબ્દો બોલાય છે.

આ પ્રકારના શબ્દો ક્યારેક હકારાત્મક ભાવથી તો મોટેભાગે નકારાત્મક ભાવથી કહેવામા આવે છે. પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે એ વાતને આપણે સૌ જાણીએ છીએ. પશુ, પંખી, પ્રાણી, વનસ્પતી કે માનવી, કોઈ જ આ નિયમથી બાકાત નથી. આપણે સૌ, દરેક વ્યક્તિ પ્રકૃતિનું એક અવિભાજ્ય અંગ છે અને પ્રકૃતિનાં નિયમ ને આધીન છે. સમયાંતરે વ્યક્તિનાં શરિરમાં, પ્રકૃતિમાં, સ્વભાવમાં, વ્યવહાર અને વર્તનમાં બદલાવ આવ્યા જ કરે છે. વ્યક્તિમાં આવતા આ બદલાવની કદાચ તેને જાણ નથી હોતી. બદલાવ હકારાત્મક હોય તો વ્યક્તિ તેનો સ્વિકાર કરે છે, કબુલ કરે છે. બદલાવ જો નકારાત્મક હોય તો વ્યક્તિ એ બદલાવને ભાગ્યે જ કબૂલ કરે છે.

એ નકારાત્મક બદલાવ તરફ કોઈ પોતાના તરફ અંગુલિ નિર્દેશ કરે તો પણ વ્યક્તિ ક્યારેક અકળાય છે. પણ અન્ય વ્યક્તિનાં નકારાત્મક બદલાવ તરફ અંગુલીનિર્દેશ કરવા માટે વ્યક્તિ પોતે ક્યારે અચકાતી નથી કે સંકોચ નથી અનુભવતી, જ્યારે જ્યારે વ્યક્તિને તક મળે છે ત્યારે અન્ય વ્યક્તિનાં નકારાત્મક બદલાવ તરફ નિર્દેશ કરવાની તક વ્યક્તિ ચૂકતી નથી. ક્યારેક તો વ્યક્તિ એ પ્રકારની તક સતત શોધતી રહે છે.

'તમે પહેલા તો આવા ન હતા' એવું કહેનાર વ્યક્તિને અન્ય વ્યક્તિમાં આવેલું પરિવર્તન નકારાત્મક શા માટે લાગે છે ? ખરેખર સામેની વ્યક્તિમાં નકારાત્મક પરિવર્તન આવ્યું છે ? કે પછી વ્યક્તિમાં ખુદમાં નકારાત્મક બદલાવો આવ્યા છે એટલે તેને અન્ય વ્યક્તિમાં નકારાત્મકતા દેખાય છે ? હકીકતમાં કદાચ એવું જ બન્યું હોય કે વ્યક્તિના પોતાના સ્વભાવ, વ્યક્તિત્વ, વિચારો, વ્યવહારો કે વર્તનમાં એ પરીવર્તન આવ્યું હોય એ જ નકારાત્મક હોય. વ્યક્તિમાં ખુદમાં નકારાત્મક બદલાવો આવ્યા હોય તો સ્વાભાવિક છે કે તેને અન્ય વ્યક્તિઓમાં સમયાંતરે આવેલા બદલાવ નકારાત્મક જ લાગે.

સમયાંતરે જેમ જેમ વ્યક્તિમાં બદલાવ આવે છે એમ તેમના સંબંધોમાં પણ બદલાવ આવતા રહે છે. નવા સંબધો બંધાય છે. કેટલાક જૂના સંબંધો વધારે સુદ્રઢ બને છે. કેટલાક જૂના સંબંધો છૂટે છે તો કેટલાક તૂટે છે. સમયાંતરે સંબંધોમાં પણ વ્યકિતની ઈચ્છાઓ, અપેક્ષાઓ કે ધ્યેયો બદલાતા જાય છે તેની અસરો સંબંધો ઉપર પણ થાય છે.

જે કોઈ સાથે સંબંધો હોય તે વ્યક્તિની બદલાયેલી અપેક્ષાઓ કે ઈચ્છાઓ પૂરી ના કરી શકે એટલે મુખમાંથી શબ્દો નિકળી પડે છે કે 'તમે પહેલા તો આવા ન હતા' વ્યક્તિ આવું એટલા માટે કહે છે કે તેની અપેક્ષાઓ જે પહેલા સંતોષાતી હતી તે હવે સામેની વ્યક્તિ દ્વારા પૂરી નથી થતી. સામેની વ્યક્તિ અપેક્ષાઓ સંતોષી ના શકે એનું કારણ એવું પણ હોય કે બદલાયેલી અપેક્ષાઓ સંતોષવાની એ વ્યક્તિની કાં તો ક્ષમતા ના હોય ને કાં તો તેની ઈચ્છા ના હોય. એવું પણ બને કે બદલાયેલી અપેક્ષાઓ કદાચ વધારે પડતી પણ હોય. આ પ્રકારનું કંઈ જ વિશ્લેષણ કર્યા વિના સામેની વ્યક્તિને એક થપ્પો લગાવી દે છે કે 'તમે પહેલા તો આવા ન હતા'.

વ્યક્તિ પોતાના સંબંધીત વ્યક્તિ વિષે 'તમે પહેલા તો આવા ન હતા' એવી ટકોર અંગત રીતે કે ખાનગીમાં કરે ત્યાં સુધી તો બધુ ઠીક રહે છે. પણ આ પ્રકારની ટકોર કે ટીકા જ્યારે જાહેરમાં કરવામાં આવે છે ત્યારે જે વ્યક્તિ વિષે આ ટકોર થાય છે તેની લાગણીને ઠેસ પહોંચે છે. આ વાતનો ક્યારેક તો ઢંઢેરો પીટાય છે ત્યારે સંબંધોમાં વિપરીત અસરો થાય છે.

કોઈ પણ વ્યક્તિને જ્યારે આપણે નકારાત્મક ભાવથી એવું કહીએ છીએ કે 'તમે પહેલાં તો આવા ન હતા' ત્યારે તે વ્યક્તિને મનમાં દર્દ થાય છે, હૃદયમાં પીડા થાય છે. તે વ્યક્તિનું સ્વાભિમાન ઘવાય છે. એ વ્યક્તિ જો આ ટકોર સહન નહિ કરી શકે એમ હોય અને ઉગ્ર હશે તો તે ઉગ્ર પ્રતિભાવ આપશે અથવા તો પ્રતિકાર કરશે. આવું થાય એટલે બંને વ્યક્તિ ઉગ્ર બનશે, આક્ષેપો, પ્રતિઆક્ષેપો થશે અને પરિણામ સ્વરૂપે સંબંધોમાં તીરાડ પડશે.

શબ્દો બહુ સીધા ને સાદા છે કે 'તમે પહેલા તો આવા ન હતા' પણ એ શબ્દો કોના માટે, ક્યા સંદર્ભમાં, કેવી રીતે બોલાય છે તે બહુ મહત્વનુ છે. આ શબ્દો કાળજીથી, હકારાત્મક ભાવે કે નિર્દોષ મજાક કે મશ્કરીરૂપે બોલાય તો એ શબ્દો સાર્થક બને છે પણ કાળજી વિના, નકારાત્મક ભાવથી, વ્યક્તિની મજાક ઉડાવવા માટે કે ટીકા સ્વરૂપે બોલવામાં આવે તો એ બોલાયેલા શબ્દો સંબંધોમાં તીરાડ પાડી શકે છે.

આપણે સૌ જ્યારે જ્યારે આ શબ્દો બોલીએ કે 'તમે પહેલા તો આવા ન હતા' ત્યારે શબ્દોની નહિ, તેના ભાવની કાળજી રાખીએ.